## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, આ પ્રોબ્લેમ પહેલા સોલ્વ કરવો પડે એવો છે... રસોઈ હશે તો રસી કામ લાગશે...!!!

# ગાંધીનગરને નર્મદાનું પાણી પીવા માટે પ્રતિ ૧૦૦૦ લીટરે ૩૮ પૈસા વધુ ચૂકવવા પડશે

**હાલ માર્ચ ૨૦૨૧ સુધી પીવા માટે પ્રતિ ૧૦૦૦ લીટરે ૩.૮૦ રૂપિયા અને ઔદ્યોગિક વપરાશ માટે ૩૧.૩૮ રૂપિયાનો દર રાખવામાં આવ્યો છે**

ગાંધીનગર

ગુજરાતમાં નર્મદા કેનાલના પાણીનો વપરાશ કરતાં ગ્રાહકોને વધારે દામ ચૂકવવા પડી શકે છે. નર્મદાનું પાણી પીવા માટે અને ઉદ્યોગો માટે આપવામાં આવતું હોય છે. હાલ માર્ચ ૨૦૨૧ સુધી નર્મદા નિગમે પીવા માટેના દર પ્રતિ ૧૦૦૦ લીટરે ૩.૮૦ રૂપિયા રાખ્યા છે જ્યારે ઔદ્યોગિક વપરાશ માટેના દર પ્રતિ ૧૦૦૦ લીટરે ૩૧.૩૮ રૂપિયા રાખ્યા છે.

હવે માર્ચ ૨૦૨૧ પછી પીવા માટેના પાણીના દરમાં ૩૮ પૈસાનો તેમજ ઔદ્યોગિક વપરાશ માટેના પાણીના દરમાં ૩.૧૩ રૂપિયાનો વધારો થશે. બન્ને પાણીના વપરાશના દરમાં નવા નાણાંકીય વર્ષમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ દરમાં વધારો ગાંધીનગરને પણ લાગુ પડે છે. ગુજરાતમાં ૨૦૦૬-૦૭ના વર્ષમાં જ્યારે પ્રથમ વખત દરો નિયત કરવામાં આવ્યા હતા ત્યારે પીવાના પાણી માટે એક રૂપિયો અને ઔદ્યોગિક વપરાશ માટે ૧૦ રૂપિયા રાખવામાં આવ્યા હતા. ૨૦૧૪-૧૫માં આ દરો અનુક્રમે ૨.૧૪ રૂપિયા અને ૧૭.૭૨ રૂપિયા થયાં હતા. નર્મદા નિગમના સૂત્રોએ જણાવ્યું હતું કે નર્મદાના પાણીના દરમાં પ્રત્યેક નાણાકીય વર્ષના અંતે ૧૦ ટકાનો વધારો કરવામાં આવે છે.

ગુજરાતમાં જ્યાં નર્મદાની મુખ્ય કેનાલ અને સબ કેનાલો આવેલી છે ત્યાંથી લોકોને પાણી વિતરણ કરવામાં આવે છે. આ જવાબદારી પાણી પુરવઠા વિભાગ અને તેને સંલગ્ન એજન્સીઓએ ઉપાડેલી છે. ખુદ નર્મદા વિભાગ પાણીનું વિતરણ કરતું નથી. નર્મદા નિગમે પાણીના દરો સુનિશ્ચિત કરવા માટે ૬ઠ્ઠી માર્ચના રોજ એક પરિપત્ર ઈસ્યુ કર્યો હતો જેનું પાલન કરવાનું રહે છે.

## ખૂણેખાંચરેથી

- માતા-મૃત્યુદર ઘટાડવા માટે આજે ગાંધીનગર ખાતે રાજ્યના આરોગ્યના ઉચ્ચ અધિકારીઓની મહત્વની બેઠક મળશે.
- જિલ્લામાં આજથી શરૂ થતા સપ્તાહમાં બેઠકોનો ધમધમાટ તંત્રમાં જોવા મળશે.
- ગાંધીનગર શહેરમાં આજે રવિવારની રજા હોવાથી નગરજનોએ ઘરમાં રહીને જ દિવસ પસાર કર્યો હતો.
- ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશનના ગાંધીનગરના છ વિદ્યાર્થીઓએ યુનિ. અને કોલેજમાં અધ્યાપન માટે નેશનલ એલેજીબીલીટીની પરીક્ષા પાસ કરી. આ છ માંથી બે વિદ્યાર્થીનીઓને યુજીસીની જુનિયર રિચર્સ ફેલોસીપ મળી છે જે ગાંધીનગર માટે ગૌરવરૂપ છે.
- ગુજરાત મિત્રના પત્રકાર મનીષ વ્યાસને સારવાર માટે યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.
- ગુજરાત સમાચારના પત્રકાર તુષાર બારોટના પિતા રમણલાલ બારોટને કોરોના પોઝીટીવ આવ્યો છે. રમણલાલ બારોટ જિલ્લા પંચાયત ગાંધીનગરના નિવૃત્ત કર્મયોગી છે.

## ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જી. આર. ઉઘવાણીના નિધન અંગે ઘેરા દુઃખની લાગણી વ્યક્ત કરી

કાયદા મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી જી.આર. ઉઘવાણીના નિધન અંગે ઘેરા દુઃખની લાગણી વ્યક્ત કરી છે. મૃદુભાષી અને શિસ્તના આગ્રહી એવા ન્યાયમૂર્તિ શ્રી જી.આર. ઉઘવાણીના અવસાનથી ગુજરાત રાજ્યની ન્યાય પ્રણાલીને ન પુરાય તેવી ખોટ પડી છે તેમ તેમણે જણાવ્યું હતું.

કાયદા રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી જી.આર. ઉઘવાણીના નિધન અંગે ઉંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. જુનિયર વકીલોને પ્રોત્સાહિત કરનાર અને પ્રેમાળ સ્વભાવના ન્યાયમૂર્તિ શ્રી જી.આર. ઉઘવાણી ન્યાય પ્રણાલી સાથે સંકળાયેલા લોકોને હંમેશા યાદ રહેશે તેમ તેમણે જણાવ્યું હતું.



ડૉ. બાબાસાહેબ આંબેડકર નિર્વાણ દિનની ઉજવણી આંબેડકર મહોત્સવ સમિતિ દ્વારા કરવામાં આવી હતી. પુષ્પાંજલિ કાર્યક્રમ ઉપરાંત અન્ય સેવાકીય કાર્યક્રમો પણ આ અવસરે યોજાયા હતા. જેમાં મહામંત્રી વિઠ્ઠલભાઈ જે. પરમાર, ખજાનચી નારાયણભાઈ જે. પરમાર અને સુનિલ પુરબિયા ઉપસ્થિત રહ્યાં હતા.

## દહેગામના બુટલેગર ભાઈઓને પાસા હેઠળ જેલમાં ધકેલાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના વાસણા રાઠોડ ગામના બે બુટલેગર ભાઈઓને પાસા હેઠળ જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. જિલ્લા દારૂ-જુગાર તેમજ અન્ય અસામાજીક પ્રવૃતિ આચરતા શખ્સોની પાસા હેઠળ અટકાયત કરવા જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ સુચના આપી હતી. જે અનુસંધાને પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ વિરભદ્રસિંહ તેમજ દહેગામ પોલીસે પાસા દરખાસ્તો તૈયાર કરી હતી. જે પૈકી દહેગામ પોલીસ મથકની હદમાં આવેલા વાસણા રાઠોડ ગામના દશરથ રણુભા ડોડીયા અને અજીતસિંહ રણુભા ડોડીયા સામેની પાસા મંજુર થઈ હતી. વિદેશી દારુની ગેરકાયદે પ્રવૃતિ આચરતા બંને ભાઈ સામે પ્રોહીબિશનના અનેક ગુના નોંધાયેલા છે.જેને પગલે જિલ્લા મેજીસ્ટ્રેટ ડો.કુલદીપ આર્યએ બંને ભાઈઓને પાસા અટકાયતિ હુકમ કર્યો હતો. જેથી પોલીસે હુકમોની બજવણી કરીને તેઓને રાજકોટ અને વડોદરા મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપ્યા હતા.

## સરઢવના તલાટી બે મહિનાથી ગાયબ !

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક આવેલા સરઢવ ગામના તલાટી કમ મંત્રી છેલ્લા બે માસથી ફરજ પર ગેરહાજર રહેતા તાલુકા વિકાસ અધિકારી દ્વારા તેઓને નોટીસ ફટકારમાં આવી છે.

મળતી વિગત મુજબ સરઢવ ગામના તલાટી કમ મંત્રી ગત તા.૧૭-૯-૨૦ થી આજદિન સુધી હાજરી આપી નથી. ગામના તલાટી પોતાની ફરજ દરમિયાન સમયસર આવતા નથી, માત્ર એક કલાક કે તેથી વધુ બેસીને ચાલતી પકડે છે. જયારે સરપંચને કોઈ પણ પ્રકારની મદદ નહી કરીને ગામના વિકાસના કામમાં અડચણ ઉભી કરે છે. સરઢવ ગામમાં બે તલાટી હોવા છતા ગ્રામજનોના પ્રશ્નોના ઉકેલ આવતો નથી. પ્રથમ તલાટી હાજર રહેતા નથી અને બીજા તલાટી હાજર રહે છે તેમની પાસે સત્તા નથી. એક ગામમાં બે તલાટી હોવા છતા ગામના નાગરીકોના કામ થતા નથી તેવો શુર ઉઠવા પામ્યો છે. પ્રજાના કામ થાય તે માટે રાજય સરકાર દ્વારા તેઓને પગાર આપવામાં આવે છે. તેમ છતા ફરજમાં અનિયમિતતા જોવા મળી રહી છે. ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી દ્વારા તલાટીને ફરજ દરમિયાન અનિયમિતતા અંગે નોટીસ ફટકારી છે. તલાટી ગેર હાજર રહેતા ગ્રામજનોના પ્રશ્નો, સમસ્યા, વિકાસના કામ પણ અધુરા રહ્યા છે. ત્યારે ગ્રામજનોને સમયસર દાખલા, આવકના દાખલા, જન્મ-મરમના દાખલા, એફિડેવીટ તેમજ નવા પેઢીનામા સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા તાત્કાલીક અસરથી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.




નવા કૃષિ બીલ અંગેનો વિવાદ ગુજરાતમાં પણ શરૂ થયો છે. કોંગ્રેસ દ્વારા આ મુદ્દે કિસાનોને સમર્થન આપવામાં આવી રહ્યું છે. કોંગ્રેસના અગ્રણીઓ ભરતસિંહ સોલંકી, અર્જુન મોઢવાડિયા, અમિત ચાવડા, હાર્દિક પટેલ, સિદ્ધાર્થ પટેલ, નિશિત વ્યાસ, ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર, રાજીવ સાતવ તેમજ ગાંધીનગર કોંગ્રેસના હોદ્દેદારોએ આ મામલે સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતિક ઉપવાસ પર બેઠા હતા.

# ગુજરાતમાં ૧૯ એરપોર્ટ અને ૨૦૮ હેલીપેડ છતાં 'સપનો કી ઉડાન' હકીકત બની નથી




દુનિયાભરમાં ૭મી ડિસેમ્બરે સિવિલ એવિયેશન ડે એટલે કે નાગરિક ઉડ્ડયન દિવસ મનાવવામાં આવે છે. જેનો મુખ્ય ઉદ્દેશ સામાજીક અને આર્થિક વિકાસ માટે નાગરિક ઉડ્ડયન અંગે લોકોને જાગૃતિ આપવાનો છે. દુનિયાભરમાં ચાર બિલિયનથી વધુ યાત્રી વિમાન સેવાથી યાત્રા કરતા હોય છે. આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ સંયુક્ત રાષ્ટ્ર સંઘની એક શાખા છે જેની સ્થાપના શિકાગોમાં ૧૯૪૪માં થઈ હતી, જ્યારે ૫૨ વર્ષ પછી ૭મી ડિસેમ્બર ૧૯૯૬થી આ દિવસ મનાવવામાં આવે છે. ભારતમાં નાગરિક ઉડ્ડયનની શરૂઆત ૧૮મી ફેબ્રુઆરી ૧૯૧૧માં થઈ હતી, જ્યારે હેનરીએ પ્રયાગરાજ થી નેની સુધી છ માઈલની સફર કરી હતી અને તેની પહેલ મહારાજા ભૂપિન્દરસિંહે કરી હતી. તેમણે તેમના એન્જીનિયરને વિમાન ખરીદવા માટે યૂરોપ મોકલ્યા હતા.

**૧૯૧૦માં હવાઇ સેવાની શરૂઆતનો તબક્કો...**

## ૭ ડિસેમ્બર એટલે સિવિલ એવિયેશન ડે- દેશમાં પહેલું ઉડ્ડયન ૧૮ ફેબ્રુઆરી ૧૯૧૧માં

બે અમેરિકી બંધુ આરિવિલ રાઈટ તેમજ વિલ્બર રાઈટને નાગરિક તેમજ સૈન્ય ઉડ્ડયનના જનક માનવામાં આવે છે. ૧૯૦૩માં આ બન્ને ભાઈઓએ પહેલી યાત્રા કરી હતી જેમાં વાયુયાન એન્જીનયુક્ત અને હવાથી ભારે હતું. ૧૯૧૦ સુધીમાં હવાઈ સફરને મોટાભાગના દેશો અપનાવી ચૂક્યાં હતા. પ્રથમ વિશ્વયુદ્ધથી હવાઈ સેવા શરૂ કરવાના પ્રસ્તાવ પર ચર્ચાઓ શરૂ થઈ હતી. ૧૯૧૧ના અંત સુધીમાં લંડન અને પેરિસ વચ્ચે વાયુચર્યા ચાલુ થઈ હતી. આ સમય થી ૧૯૩૧ સુધી ધારી પ્રગતિ જોવા મળી ન હતી. બીજા વિશ્વયુદ્ધ સમયે હવાઈ સફરમાં પ્રગતિનો યુગ શરૂ થયો હતો જ્યારે બીજું વિશ્વયુદ્ધ પૂર્ણ થયું ત્યારે મોટાપાયે વાયુમાર્ગોમાં વિસ્તાર જોવા મળ્યો હતો. પરિવહનની ક્ષમતા વધારી દેવામાં આવી હતી. ૧૯૫૮માં સંયુક્ત રાજ્ય અમેરિકા થી બ્રિટન અને ફ્રાન્સ સુધી મહાસાગરને પાર કરનારી પહેલી જેટ સર્વિસનું ઉદ્દઘાટન થયું હતું જે ઉડાને જેટ યુગમાં પ્રવેશ કર્યો હતો.

**વિશ્વયુદ્ધના કારણે હવાઇ સેવાને બળ મળ્યું છે...**

ભારતમાં તો હવાઈ ઉડ્ડયનની ચર્ચા ૧૯૧૭માં શરૂ થઈ હતી. પ્રથમ વિશ્વયુદ્ધ પૂર્ણ થતાં સપ્ટેમ્બર ૧૯૧૧માં સરકરે ભારતભરમાં ટપાલ પહોંચાડવાનું કાર્ય એક હવાઈ કંપનીને સોંપવાનું નક્કી કર્યું હતું પરંતુ તે કાર્ય થઈ શક્યું ન હતું. એક વર્ષ પછી એરપોર્ટ સ્થાપિત કરવા માટેની ચર્ચા શરૂ કરવામાં આવી હતી. કેટલાક વર્ષો પછી બ્રિટન, ફ્રાન્સ અને હોલેન્ડ એ હવાઈ સફર શરૂ કરતાં ભારતને વિચારવાની ફરજ પડી હતી. સરકારે ભારતીય વ્યાપારીઓ સાથે ચર્ચા શરૂ કરતાં ટાટા એરલાઈન્સ અને ઈન્ડિયન નેશનલ એરવેઝની ચર્ચાઓનો વિકાસ થયો હતો. આ કંપનીઓએ ટપાલ સેવા માટે એક એન્જીનવાળા વિમાનોનું સંચાલન શરૂ કર્યું હતું. ભારત સરકાર દ્વારા ૧૯૩૮માં બનાવવામાં આવેલી રાજકીય હવાઈ ટપાસ યોજનાથી આ ઉદ્યોગના વિસ્તારને પ્રોત્સાહન મળ્યું અને બીજા હવાઈ સાધનો શરૂ કરવામાં આવ્યા હતા.

## ટાટા એરલાઇન્સ અંતે એરઇન્ડિયા બની પરંતુ હવે તેનું પ્રાઇવેટાઇઝેશન કરવાના પ્રયાસ

**૧૯૪૭ સુધીમાં ૧૧ કંપનીઓ તૈયાર થઇ હતી...**

યુદ્ધોતરના વર્ષોમાં ભારતીય નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં નવી ચેતનાનો સંચાર થયો હતો. બીજા ઉદ્યોગજૂથો આ ક્ષેત્રમાં કદમ લગાવવા માંડ્યા હતા. ૧૯૪૭ સુધીમાં તો દેશમાં ૧૧ નવી કંપનીઓને અસ્થાયી અનુમતિપત્રો પ્રદાન કરવામાં આવ્યા હતા. દુનિયાની પહેલી સૌથી જૂની એરલાઈન્સ રોયલ ડચ એરલાઈન્સ છે જેની સ્થાપના ૧૯૧૯માં થઈ હતી અને તેની પહેલી ઉડાન એમ્સ્ડર્ડમ અને લંડન વચ્ચે ૧૭મી મે ૧૯૨૦માં થઈ હતી. ભારતની સૌથી જૂની ટાટા એરલાઈન્સ છે જેને ૧૯૩૨માં જેઆરડી ટાટા દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી અને તે ૧૯૪૬માં એરઈન્ડિયા બની ગઈ હતી. હવે આ કંપની ખોટમાં જતાં તેનું પ્રાઈવેટાઈઝેશન શરૂ કરવામાં આવ્યું છે. વિમાનચાલક એટલે કે પાયલોટ અને સહ પાયલોટ એક સરખું ભોજન કરી શકતા નથી તે નિયમ છે, કારણ કે જો ભોજન ઝેરયુક્ત હોય તો બીજો પાયલટ વિમાન ઉડાવી શકે છે. ૨૦૨૦માં દુનિયાના નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં ૪૮૪૦૦ વિમાન સામેલ છે. સેના દ્વારા સંચાલિત ઉડાનને બાદ કરતાં તમામ પ્રકારની ઉડાન નાગરિક ઉડ્ડયનમાં આવે છે. વિશ્વમાં ૯૦૦૦ જેટલી મહિલા સહિત કુલ ૧.૭૫ લાખ જેટલા પાયલટ છે, જ્યારે ભારતમાં ૧૨૦૦ મહિલા પાયલટ સાથે કુલ ૯૦૦૦ જેટલા પાયલટ છે.




**હવાઇ છંટકાવ માટે વિમાનનો ઉપયોગ...**

ગુજરાતમાં હવાઈ છંટકાવ દ્વારા ખેડૂતોને મદદ કરવા માટે નાગરિક ઉડ્ડનય પ્રવૃત્તિની શરૂઆત ૧૯૭૩માં કરવામાં આવી હતી. હેલીકોપ્ટર અને ફિક્સ પાંખના વિમાનો દ્વારા શેરડી, કપાસ, મગફળી અને તુવેરના પાક માટે ખેડૂતોને આ પ્રવૃત્તિ ઘણી રીતે લાભદાયી હતી. વરસાદની અછત હતી ત્યારે કૃત્રિમ વરસાદ પાડવા માટે એરક્રાફ્ટથી ક્લાઉડ સેડીંગ ઓપરેશન શરૂ કરવામાં આવતું હતું. સરકારે ૨૦૦૨માં નાગરિક ઉડ્ડયનનો સ્વતંત્ર વિભાગ શરૂ કર્યો હતો. આજે ગુજરાત સ્ટેટ સિવિલ એવિયેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ (ગુજસેઈલ) રાજ્યમાં ઉડ્ડયન અને તેને સબંધિત આંતરમાળખાકીય વિકાસ માટે નોડલ એજન્સી છે. આ કંપનીનું મુખ્ય કાર્ય રાજ્યમાં આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને પ્રવાસનને વેગ આપવાનું છે. એટલું જ નહીં, હવાઈ યાતાયાતની વધતી જતી માત્રાને પહોંચી વળવા નવા એરપોર્ટ બનાવવાનું લક્ષ્ય છે. ગુજરાતમાં હાલ ૧૭ એરપોર્ટ છે જેમાંથી ૯ એરપોર્ટ કેન્દ્ર સરકાર હસ્તક છે. ત્રણ ભારતીય વાયુસેનાના એરપોર્ટ છે. બે ખાનગી એરપોર્ટ છે. બે યુનિયન ટેરેટરીમાં આવે છે જ્યારે ત્રણ રાજ્ય સરકારની માલિકીના છે.

**રાજ્યમાં ૧૯ એરપોર્ટ, ૨૦૮ હેલીપેડ બન્યાં છે...**

સિવિલ એવિયેશનના ઉચ્ચ અધિકારીએ કહ્યું હતું કે રાજ્યમાં હાલ કુલ ૧૯ એરપોર્ટ છે અને સાત નવા એરપોર્ટનું નિર્માણ થઈ રહ્યું છે. રાજ્યમાં હેલીપેડની સંખ્યા ૨૦૮ જેટલી થવા જાય છે. રાજ્ય સરકારે યાત્રાધામના સ્થળોએ વિમાની સેવાઓ શરૂ કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. સરકારનો પ્લાન છે કે અમદાવાદ, ભૂજ, જામનગર, પોરબંદર, રાજકોટ, સુરત, ભાવનગર, માંડવી, દ્વારકા અને કેશોદ જેવા શહેરોને એકબીજાથી જોડીને નજીક લાવવામાં આવશે. એ ઉપરાંત રાજ્યમાં પાયલટ અને એરહોસ્ટેજ તેમજ બીજા ટેકનિશ્યનો તૈયાર કરવા માટે ઉડ્ડયન પ્રશિક્ષણ સંસ્થાઓ ઉભી કરવામાં આવી રહી છે. સરકારે એવિયેશન પાર્ક બનાવવાનું પણ નક્કી કર્યું છે. ગુજસેઈલ દ્વારા અમદાવાદમાં વિવિધ પ્રકારની બનાવટોના બિઝનેસ જેટ, રોટરી વિંગ અને ટર્બોપ્રોપ વિમાનોની જાળવણી, સમારકામ, મરામત અને તપાસ માટે એક જનરલ એવિયેશન એમઆરઓ સ્થાપિત કર્યો હતો. ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં પોલીસ સેવા શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે જેમાં પોલીસ દ્વારા રાજ્યમાં એન્ટી-નકસલ પ્રવૃત્તિ, જનતાની સલામતી તેમજ પોલીસને લગતી પ્રવૃત્તિઓ માટે હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવશે. રાજ્ય સરકાર પાસે હાલ એક એરક્રાફ્ટ અને એક હેલિકોપ્ટરની સુવિધા છે.

**રાજ્યની ઉડાન યોજનામાં ધીમી પ્રગતિ છે...**

મહત્વની બાબત એવી છે કે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી ઉડાન યોજનામાં ગુજરાતની પ્રગતિ ધીમી જોવા મળી છે. મુસાફરો સસ્તી હવાઈ સફર કરી શકે તે માટે ઉડાન યોજના બનાવવામાં આવી છે પરંતુ ગુજરાત સિવિલ એવિયેશનમાં હજી ઘણું પછાત છે. રાજ્યમાં મોટાભાગના વિસ્તારોમાં હેલીકોપ્ટર ઉડી શકે છે પરંતુ એરક્રાફ્ટ નહીં. વાસ્તવમાં, નાના શહેરો માટે હવાઈ સફર શરૂ કરવા માટે જરૂરી એરપોર્ટ તૈયાર કરવાનું કામ જ મંથર ગતિએ ચાલે છે. આ યોજનાનું નામ 'ઉડાનહ્વ છે. ઉડાન યોજના પ્રમાણે જૂના એરપોર્ટમાં સુધારા કરવાની સાથે નવા એરપોર્ટના નિર્માણનું કામ સામેલ છે. આ સાથે જ એરલાઈન્સને પણ કેટલીક સુવિધાઓ મળશે. જોકે, એવિયેશનના એક અધિકારીએ કહ્યું હતું કે અમે પ્રયાસ કરીએ છીએ પરંતુ એવિયેશન સેક્ટરની

## દુનિયામાં ૪૮,૪૦૦ વિમાન અને ૯,૦૦૦ જેટલી મહિલા સાથે કુલ ૧.૭૫ લાખ પાયલટ છે

કંપનીઓ ગુજરાતમાં મૂડીરોકાણ કરતી નથી. નાના શહેરોમાં નવા એરપોર્ટ બનાવવા અને જૂના એરપોર્ટ અપગ્રેડ કરવાનું કામ ઝડપથી આગળ વધતું નથી. એવામાં આગામી પાંચ વર્ષમાં ૧૦ કરોડ વધુ પ્રવાસીઓને જોડવાનો સરકારનો હેતુ માર્યો જાય છે.

**નવા એરપોર્ટના નિર્માણમાં વિલંબ થાય છે...**

સિવિલ એવિયેશનના એક અધિકારીએ કહ્યું હતું કે કેટલાક રાજ્યોનાં કહેવા પ્રમાણે તેમની પાસે સામાન્ય ઉપકરણો ખરીદવા માટે પણ ફંડ નથી. કેટલાક અન્ય કેસમાં એર ટ્રાફિક કંટ્રોલ ટાવર્સ, ટર્મિનલ બિલ્ડીંગ, સિક્યુરિટી સિસ્ટમ્સ તૈયાર કરવામાં વધુ સમય લાગી રહ્યો છે. રાજ્યમાં ૧૪ એરપોર્ટ બનાવવાના થતાં હતા પરંતુ મોટાભાગના પ્રોજેક્ટ વિલંબમાં ચાલી રહ્યાં છે, એકમાત્ર ધોલેરા એરપોર્ટ પર કેન્દ્ર અને રાજ્ય સરકારે વિશેષ ધ્યાન આપ્યું છે. ઉડાન યોજના અંતર્ગત ૫૦૦ કિમીના અંતરમાં એટલે કે એક કલાકની ફ?લાઈટ કે ૩૦ મિનિટની હેલિકોપ્ટર યાત્રા માટે ૨૫૦૦ રૂપિયા આપવાના રહેશે. કુલ ૭૦ એરપોર્ટને ઉડાન યોજના સાથે જોડવામાં આવશે. દેશમાં ૩૧ એરપોર્ટ એવા છે કે જેનો બિલકુલ ઉપયોગ નથી જ્યારે ૧૨નો ઓછો ઉપયોગ થઈ રહ્યો છે. ઉડાન યોજના દેશમાં અને ગુજરાતમાં તદ્દન નિષ્ફળ થઈ છે, કેમ કે એવિયેશન કંપનીઓ દેવાંમાં ડૂબેલી છે અને નવું મૂડીરોકાણ કરવા તૈયાર નથી.

**મોદીની સી-પ્લેન યોજના આશાનું કિરણ...**

ગુજરાતમાં પણ મોટા શહેરોની વચ્ચે આવી જ નાના પ્લેનની સેવાઓ રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાઈ હતી પરંતુ તે પૈકીની મોટાભાગની સેવાઓનું બાળમરણ થયું છે. હાલ સુરત, ભાવનગર, રાજકોટ અને જામનગર સુધીની હવાઈ સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે પરંતુ તેમાં ટ્રાફિકનો પ્રશ્ન છે. રાજ્યની સૌથી મોટી જીઆઈડીસી આવેલી છે તે અંકલેશ્વર એક ઉત્તમ એરપોર્ટ બની રહે તેમ છે છતાં આ અંગેની કાર્યવાહી મંથર ગતિએ ચાલે છે. રાજ્યમાં માત્ર અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતના એરપોર્ટ પર ટ્રાફિક જોવા મળે છે પરંતુ બીજા નાના એરપોર્ટ પર ટ્રાફિક નહીં હોવાથી કોઈ કંપનીઓ મૂડીરોકાણ કરવા તૈયાર નથી. આ સંજોગોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદ રિવરફ્રન્ટ થી કેવડિયા સુધીની સી-પ્લેન સુવિધા શરૂ કરી છે, જે આ ક્ષેત્રમાં આશાનું એક નવું કિરણ છે.